**DBZ-1901010101020402** Seat No. _______

# B. A. (Sem. II) Examination

**July - 2022**

## Gujarati - Core-4

*(ગુજરાતી વ્યાકરણ-૪) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પાંચ પ્રશ્નના જવાબ આપો.

(2) દરેકના ગુણ સરખા છે.

1 નીચેના ગદ્યખંડનું વિગતે વિવરણ કરો : **14**

''અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાવેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દૃઢ થતા નથી. એ જણાયું એટલે આપણે ગમે તે રીતે અભ્યાસ કરાવવા મથીએ છીએ. ભયથી, લાલચથી કે પ્રેમથી આમ કોઈને કોઈ રીતે રસ્તેથી જીવનમાં આપણે અભ્યાસ કરીએ છીએ. અહીં ભય કે લાલચથી અભ્યાસ કરાવી શકાય પણ તેમાં વિદ્યાર્થીઓની વિવેકબુદ્ધિ પુરી રીતે ખીલતી નથી, જેમ સરકસના મેનેજર ભયથી પ્રાણીઓને પાળે છે. એવું અહીં વિદ્યાર્થીઓનું થાય છે. ઘણી વખત શાળામાં શિક્ષકો પણ આવી રીતે ભય બતાવીને ભણાવે છે. ઘણી વખત ધર્મગુરુઓ પણ ભય બતાવીને સારી ટેવ પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે ભયથી દૂર થયેલી ટેવો થોડી વારમાં ફરીથી સજીવન થાય છે. આ રીતે ભય કે લાલચને દૂર મૂકીને પોતાનામાં આત્મશિક્ષણથી પોતાની જાતથી પોતાનામાં સ્વનો અભ્યાસ કરીને જો શિક્ષણ લેવામાં આવે તો એ સાચું શિક્ષણ છે.''

કિશોરીલાલ મશરૂવાળા

**અથવા**

1 નીચેના ગદ્યખંડનું વિગતે વિવરણ કરો. **14**

''એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયો હોય તો આપણું પ્રતિબિંબ એમાં જોઈ શકાતું નથી, એટલે અજ્ઞાન અને દુષ્ટતા આપણાં હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ, તે સ્વાર્થીપણું મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે 'હું પહેલા ખાઈ લઈશ, હું બીજા કરતાં વધુ ધન મેળવીશ અને બધુ જ હું મારી પાસે રાખીશ, તે મનુષ્ય સ્વાર્થી છે.' 'નિઃસ્વાર્થી મનુષ્ય કહે છે કે, 'હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી, વળી જો નરકે જવાથી મારા ભાઈઓને હું મદદ કરી શકે તેમ હોઉ તો હું નરકે જવા પણ તૈયાર છું.' 'આ નિઃસ્વાર્થવૃત્તિ ધર્મની કસોટી છે.''

સ્વામી વિવેકાનંદ

2 નીચેના ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપીકરણ કરો : 14

''વર્તમાન સમયમાં લોકો વહેલી સવારે પોતાનાં સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે ઘરની બહાર નીકળીને ફરવા જાય છે. જો આ સમયે વાતાવરણ શુદ્ધ હોય ધૂળ, ધૂમાડો કે કોઈ પણ પ્રકારનો કચરો હવામાં ન હોય અને લોકો ફરવા જાય તો એનું સ્વાસ્થ્ય કે તંદુરસ્તી સારી રહે. જો આમ ન હોય તો ઉલટાનું ધૂળ ધૂમાડાને લીધે લોકોનું સ્વાસ્થ્ય બગડે. આમ જોઈએ તો લોકો પોતાના ઘરમાં પણ તંદુરસ્તી, પોતાના સ્વાસ્થ્ય કે શરીરની સ્થિતિ માટે ધ્યાન રાખી શકે છે. જેમ કે ગરમ ખોરાક, તાજા ફળ કે શાકભાજી, ઘરની ચોખ્ખાઈ, વહેલા સૂઈ જવાની ટેવ, માનસિક શાંતિ માટે પ્રાર્થના વગેરે બાબતોથી પણ લોકોનું, કુટુંબનું તન, મન અને ધનનું સુખ રહે છે. વહેલી સવારે ઊઠવું, ઘરમાં હળવી કસરત કરવી, સ્નાન શૌચાદિ સમયસર કરવા આ બધી બાબતોનું ધ્યાન રાખીએ તો પણ ઘણાં સુખી થઈ શકીએ છીએ.''

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપીકરણ કરો : 14

''કળા એક જીવન-દર્શન'માં પોતાની કળાવિષયક વિભાવના વ્યક્ત કરી છે. તેમની વિચારણામાં 'જીવન' ચાવીરૂપ શબ્દ છે. 'જીવનનો આનંદ' માં તેમની કળામીમાંસા પ્રાપ્ત થાય છે. કળા અને નીતિ પરસ્પર વિભિન્ન છે પણ પરસ્પર વિરોધી નથી એમ માનનાર કાકાસાહેબ કળાના શિરે મોટી જવાબદારી મૂકતાં કહે છે, 'કળા મારફતે ધર્મની સૂક્ષ્મવૃત્તિઓ સમજી અને કેળવી શકાય. કળા મારફતે સમાજવ્યવસ્થામાં સહકાર, સમાધાન, સામર્થ્ય, સમૃદ્ધિ અને સુસંગતિનું સંગીત દાખલ કરી શકાય એટલું મિશન જો કળા માટે સ્વીકારીએ અને એની અપીલ સાર્વભૌમ કરી મૂકીએ, તો પછી art for art's sake કહેવામાં વાંધો નથી.'કળા આવા મિશનનો ભાર ખમી શકવા સમર્થ હોવા છતાં આવું મિશન સ્વીકારીને આવે તે જ કળા એમ કહેવું ઉચિત લાગતું નથી. સદાચારને સર્વશ્રેષ્ઠ કળાને મોક્ષપ્રાપ્તિને ઉચ્ચતમ કળા કહેનાર કાકાસાહેબ જીવનમાં કળાને ખાસ મહત્વનું સ્થાન આપતા નથી. તેમની કળા વિભાવના પર રવીન્દ્રનાથ કરતાં ગાંધીજીનો પ્રભાવ સવિશેષ છે એ જોઈ શકાય છે.''

- કાકાસાહેબ કાલેલકર

3 નીચે આપેલ કહેવતોના અર્થ સમજાવો. 14

(1) અક્કરમીનો પડિયો કાણો

(2) અધૂરો ઘડો છલકાય

(3) આડે લાકડે આડો વાઢ

(4) આપ ભલા તો જગ ભલા

(5) આંગળી પકડીને પહોંચો કરડવો

(6) ઊંટના અઢારે વાંકા

(7) એક પંથ ને દો કાજ

**અથવા**

3 ગુજરાતી ભાષાના કોઈ પણ સાત વિરામચિહ્નો વાક્યમાં પ્રયોગ કરી સમજાવો. 14

4 જોડાક્ષર એટલે શું ? વિવિધ જોડાક્ષરને ઉદાહરણ સહિત સમજાવો. 14

**અથવા**

4 નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ સમજાવો. 14

(1) આકાશ-પાતાળ એક કરવા

(2) કાનની બૂટ પકડવવી

(3) કાગનો વાઘ કરવો

(4) ટાઢે પાણીએ ખસ જવી

(5) દૂધમાંથી પોરા કાઢવા

(6) પાણી મૂકવું

(7) બે પાંદડે થવું

5 નીચેનામાંથી કોઈ પણ **બે** જવાબ આપો : 14

(1) દ્વન્દ્વ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(2) અવ્યયીભાવ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(3) તત્પુરુષ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(4) ઉપપદ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.